# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૯ • તા.૧૩ નવેમ્બર થી ૧૯ નવેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.









# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા

# દિવાળી મિલન અને ઈનામ વિતરણ સંપન્ન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પ્રેમ આપવો એ ઉપહાર જ્યારે પ્રેમ પામવો સન્માન છે

ધર્મનો પાયો અહિંસા, સત્ય, દયા, પ્રેમ, કરૂણા અને ભક્તિ છે. ધર્મ એ જીવન છે. આ સાર રૂપે સમજીએ તો જીવનમાં સુખી થવા શું જરૂરી છે એનો ખ્યાલ આવી જાય.

આપણું જીવન દુઃખી છે તેનું કારણ આપણે અનેકને રીતે હિંસામાં લપેટાયેલા છીએ. ક્રોધ કરવો. કોઈના પર ચીડવું, સામેવાળાનું ભલું ન ઈચ્છવું. વેર ભાવ રાખવો, સામે વાળા પાસે જે છે એ છીનવી લેવાની ભાવના કરવી એ અવ્યક્ત હિંસા જ છે.

સાચું બોલવું અને સાંભળવું એ નિયમ પાળનારા મહામાનવ છે. સાચું બોલવા માટે કોઈ વાત ઘડવી-ગોઠવવી પડતી નથી. ખોટું ખોલવા માટે બનાવટ કરવી પડે છે. એકને અલગ કહ્યું બીજાને એ વાત કહેવા યાદ કરવું પડે છે જેથી વાત ભિન્ન ન થઈ જાય. તોય દસ જણને ખોટી વાત કહેતા ક્યાંને ક્યાં હકીકત દોષ કે ખોટું બ્યાન અપાઈ જાય છે. એ આખરે વાત ખૂલ્લી થઈ જાય ત્યારે ભોંઠું થવું પડે છે.

દયા, પ્રેમ અને કરૂણા એક બીજાની કડી જેમ છે. પ્રેમ એટલે હૃદયનો સંવેદના ભાવ. પોતાની થકી અન્ય જીવને દુઃખ ન થાય એવો સ્વભાવ. કશું ન મેળવીને સર્વસ્વ આપી દેવું એનું નામ છે પ્રેમ. પ્રેમ વગર જીવન નથી. ધન દોલત સંપત્તિ હોય પણ કોઈનો પ્રેમ ન મળે તો તેની કિંમત શું? પ્રેમ વિહીન જીવન અધુરૂં છે, અપૂરતું છે.

સંતો કહે છે કોઈને દુઃખ ન પહોંચાડો, જીવ માત્રને પ્રેમ કરો. અબોલ જીવને સહાનુભૂતિ મળે આપણી દયાથી. પશુ, પક્ષી, સુક્ષ્મ જંતુ પ્રત્યે દયા ધરાવી, કરૂણા રાખવી એ માનવમાત્રનો ધર્મ છે. દયા, કરૂણા, પ્રેમ એ સંવેદના જીવનના અખૂટ સ્રોત છે. કોઈને દુઃખ જોઈને દિલદ્રવી ઉઠે, આંખો ભીની થઈ છલકાઈ ઉઠે એ ભાવના કરૂણા છે. પીડીત જનને યથાશક્તિ મદદ રૂપ થઈ તેની પીડામાં સહભાગ લેવો આપણો જીવન ધર્મ છે. કોઈ વ્યક્તિનું દુઃખ જોઈ ઓગળી જવું એ માનવ ધર્મ છે. ગમે તેટલો બદચલન વ્યક્તિ, ખરાબ ચરિત્રનો ઈન્સાન પણ નિસ્વાર્થભાવે કોઈને મદદ કરે તો એ દેવદૂત સમાન છે. આમ દયા, કરૂણા અને પ્રેમ ઈન્સાનને ઈશ્વર જેટલો દરજ્જો આપી શકે એવા સમર્થ છે કઠણ હૃદય દિલ દ્રવીને દયા, કરૂણા અને પ્રેમની સરવાણી વહડાવે એ સામેવાળા માટે ઈશ્વરતુલ્ય થઈ જાય છે.

ભક્તિ એ માત્ર મંદિર કે પૂજા સ્થળોમાં થતી ક્રિયા નથી. સુક્ષ્મ અર્થઘટન કરીએ તો ભક્તિ એ ઉત્તમ જીવન જીવવાની કલા છે. ભગવાનની મૂર્તિ સમક્ષ કરેલી પૂજા-અર્ચના એ જો ભક્તિ કહેવાતી હોય તો ખોટી વાત છે. ભક્તિ એટલે ઉત્તમ અને સંસ્કારી ધર્મનું પાલન કરી જીવન ગુજારવું. વેપાર, ધંધામાં ઈમાનદારી, સંનિષ્ઠ વ્યવહાર અને ગ્રાહકને ભગવાન માની તેની સાથે સદ્ આચરણ કરવું ભક્તિ છે. સારું બોલવું, સારું સાંભળવું, સ્નેહપૂર્વક વ્યવહાર કરવો, સૌનું ભલું ઈચ્છવું સર્વને પ્રેમ આપવો એ આપણા તરફથી તેમને અપ્રતિમ ભેટ છે, ઉપહાર છે. જે ક્યારે વ્યર્થ નથી જવાનું કારણ કે પ્રેમ એ પ્રભુનો પુરસ્કાર છે. તો સહઆચરણથી સામે વાળાનો પ્રેમ પામવો આપણા માટે મોટું સન્માન છે. આમ પ્રેમ આપીને પ્રેમ પામીને જીવન સાર્થક થાય એવું જીવન જીવીએ તો જીવયું સાર્થક થાય.

– જય જ્ઞાતિમૈયા

# સંબંધો સાચવવાની ચાવી




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

સંબંધ એ આપણા વ્યવહારના અરીસા જેવા છે. સંબંધ બનાવવા, જાળવવા અને વધુને વધુ ગાઢ બને એ માટે બંન્ને પક્ષોએ નિખાલસ અને આદર્શ પ્રયાસ કરવા પડે છે. મોટા ભાગના સંબંધો પ્રેમ અથવા નફરત કે અહંકારની લાગણીઓથી ઉદ્‌ભવે છે. જ્યાં પ્રેમ હોય ત્યાં કરૂણા, દયા, સહાનુભૂતિ વગેરે હોય જ ને નફરત હોય તેની જોડે ક્રોધ, ઈર્ષા અને અહંકારને સ્થાન મળી જાય છે. પ્રેમ અને નફરત બંન્ને સામ સામે પલડાને બેલેન્સ કરતા ભાર છે.

સંબંધ એટલે બે વ્યક્તિને જોડતો સેતુ. સંબંધ માત્ર બે મનુષ્યો કે માત્ર બે સજીવો, સામાજિક જીવો વચ્ચે રચાય, બંધાય છે એવું નથી. પ્રેમ હેત અને લાગણીનો સંબંધ નાના, નિર્દોષ જીવ પ્રાણી, પશુ સાથે મનુષ્યનો બંધાય છે. દરેક બે જીવ વચ્ચેના સંબંધને જરૂર છે માત્ર લાગણીઓની, ઊર્મિઓની, ભાવનાઓની તથા સંવેદનાઓની કે જે દરેક સંબંધોનો મજબૂત પાયો રચે છે. સંબંધ લાંબા ગાળાનો હોય કે ક્ષણભરનો તેની જોડે ઊંડા ભાવની લાગણીઓ ગાઢ રીતે જોડાયેલી હોય છે.

સંબંધોમાં મોહ ભળે છે ત્યારે અપેક્ષાઓની ઉત્પત્તિ થાય છે. એ આશા ને અપેક્ષા કાળજીની હોય, માવજતની હોય, સાથ નિભાવવાની હોય કે સંભાળની હોય. આ બંધન કે બોજ આખરે સંબંધોને ડૂબાડે છે કે ક્ષીણ કરે છે. લાંબા ગાળા પછી સંબંધમાં જ્યારે અસંતોષ જન્મે છે ત્યારે બંન્ને વચ્ચે ખટરાગ જન્મે છે. આ સંબંધ અગાઉ જે પ્રેરણારૂપ કે પ્રોત્સાહન આપતો હતો, જે ખુશીઓની નદી હતો તે દુઃખોની ખાઈ બની જાય છે. મુક્તતાનો મોકળો વહેણ અંતે સાંકળની જંજીર જેવો બંધન જેવો બની જાય છે.

બગડેલા સંબંધો, ભાંગેલા સંબંધો અથાગ પ્રયત્નો કરીએ તે છતાં સરળને સપાટ થતાં નથી. જેમ ગુંથેલા દોરામાં ગૂંચ આવી જાય તો તેને ઉકેલવી મુશ્કેલી થાય છે કે ક્યારે ગાંઠ આવી જાય છે. એટલે આ ખટરાગથી દૂષિત થયેલા સંબંધો કષ્ટ કર્યા છતાં સુમેળ ભર્યા નથી થતાં. આમ આવા સંબંધો પીડાજનક બની જાય છે ને લાંબો સમય ચાલે એવું દુઃખ ચોક્કસ આપી જાય છે.

તો સંબંધની અપેક્ષાઓ ન જાતથી રાખવી કે ન બીજાઓથી. માત્ર સરળ પ્રયત્નો, નિઃસ્વાર્થને અપેક્ષા વિણ કાળજી કરવી બાકી આગળનું ભવિષ્ય, સમય પર છોડી દેવું એ જ ઉત્તમ ઉપાય થઈ શકે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દિવાળી મિલન અને ઈનામ વિતરણ સંપન્ન

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન આ વિદ્યાર્થી અભિનંદન સમારોહ રવિવાર, તા.૭-૧૧-૨૦૨૧ સવારે ૧૦.30 કલાકે શ્રી કુંથુનાથ જિનાલય  પરિવાર સ્થિતિ વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હતા સૌ. મજુલાબેન ભુપેન્દ્ર કમરશી શિયાડ, જખૌ-ધમતરી અને સૌ.મૃદુલાબેન ભુપેન્દ્ર ગાવિંદજી મોમાયા, સાંયરા-રાયપુર હતા. કાર્યક્રમનું પ્રારંભ નાની બાલિકાઓ દ્વારા નવકાર મહામંત્રનું સુંદર નૃત્ય નાટિકા પ્રસ્તુત કરેલ. દીપ પ્રાગટ્ય અતિથિઓ દ્વારા કરવામાં આવેલ. અતિથિઓનું સ્વાગત મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા એ કરેલ તેઓ એ સર્વે જ્ઞાતિજનોને નવવર્ષની વધાઈ અને શુભેચ્છા આપેલ. મુખ્ય અતિથિઓ દ્વારા પ્રેરક સંદેશ આપેલ.



યુવા મંડલ પ્રમુક શ્રી નિતેશ ઉમરશી મૈશેરી પ્રાસંગિક પ્રવચન









# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દિવાળી મિલન અને ઈનામ વિતરણ સંપન્ન



મુખ્ય અતિથિ સૌ રાજુલાબેન ભૂપેન્દ્ર શાહ ધમતરીનું સમ્માન



વિશિષ્ટ સન્માન અમિત હીરાચંદ મૈશેરીનું સન્માન ગ્રહણ કરતા ઉમરશીભાઈ



વિશિષ્ટ સમ્માન શ્રી ભાવિક શશિકાંત નાગડા જખૌ-રાયપુર



અતિથિ વિશેષ સૌ. મૃદુલાબેન ભૂપેન્દ્ર મોમાયાનું સન્માન



યુવા મંડલ દ્વારા મહાજનશ્રીને ભેટ

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દિવાળી મિલન અને ઈનામ વિતરણ સંપન્ન





અમિત હીરાચંદ મૈશેરી, નાની સિંધોડી-રાયપુરનું રાજનૈતિક ક્ષેત્રે અને ભાવિક શશીકાંત નાગડા, જખૌ-રાયપુરનું વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા બાબત વિશિષ્ઠ સમ્માન કરવામાં આવેલ. સ્વ.સૌ.ગીતાબેન હરીશ જવેરચંદ લોડાયા મેડિકલ સહાય યોજનાના સ્વર્ણદાતા અને રજતદાતા લાભાર્થી પરિવારનું સમ્માન સમારોહ રાખવામાં આવેલ. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના સફળ વિદ્યાર્થીઓનું સમ્માન અને પરિતોષિક વિતરણ કરવામાં આવેલ. અંતમાં આભાર પ્રદર્શન હરીશ શીવજી લોડાયા એ કરેલ. કાર્યક્રમનું સફળ સંચાલન સૌ. વીણા સચિન મોમાયા અને સૌ. ભવ્યા અમિત જીવાણીએ કરેલ.







નવકાર નૃત્ય



ભોજન સમારંભ

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દિવાળી મિલન અને ઈનામ વિતરણ સંપન્ન





અંતમાં સર્વે સ્નેહભોજનનું આનંદ લઈ છુટા પડેલ. શ્રી કારતક સુદ ૧ શુક્રવાર તા.૦૫-૧૧-૨૦૨૧ સવારે ૬.૦૦ કલાકે નવવર્ષના માંગલિક દ્વાર ઉદ્‌ઘાટન સકલ સંઘ સાથે જિનાલયનું દ્વાર ઉદ્‌ઘાટન લાભાર્થી પરિવાર સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર) હતા. લાભ પાંચમ-કારતક સુદ ૫ મંગળવાર તા.૦૯-૧૧-૨૦૨૧ સવારે ૯.૩૦ કલાકે શ્રી જ્ઞાન સ્થાપનાનું આયોજન વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ.







# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી પ્રબોધભાઈ મુનવરનું કોરોના યોધ્ધા તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હાથે સન્માન




કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની મહામારી સામે પોતાના સ્વાસ્થ્ય કે પરિવારની ચિંતા કર્યા વગર લડાઇમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રહિતમાં સેવા-યોગદાન-સમય આપનાર માનવજ્યોત સંસ્થાનાં પ્રબોધ મુનવરને રાજ્યનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના વરદ્ હસ્તે કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કોરોના યોદ્ધા સન્માન પત્ર અર્પણ કરાયું હતું.

આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઇ પટેલ, સાંસદ વિનોદભાઇ ચાવડા, પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઇ પટેલ, જીલ્લા પ્રભારી કીર્તિસિંહ વાઘેલા, જીલ્લા પંચાયત અધ્યક્ષા પારૂલબેન કારા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ મહેન્દ્રભાઇ પટેલ, પ્રભારી ડો. હિતેશ ચૌધરી, ધારાસભ્ય વાસણભાઇ આહિર, વીરેન્દ્રસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, નગરપતિ ઘનશ્યામભાઇ ઠક્કર, ડો. મુકેશ ચંદે, પૂર્વ સાંસદ પુષ્પદાનભાઇ ગઢવી, પૂર્વ ધારાસભ્ય પંકજભાઇ મહેતા તથા શીતલભાઇ શાહ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુનવરે કોરોના કાળ દરમ્યાન ''ભૂખ્યાને ભોજન પ્રવૃત્તિ દ્વારા ભુજ વિસ્તારનાં ૨૧ ગામોમાં રસોડા શરૂ કરાવી અઢી લાખ લોકોને ભરપેટ જમાડ્યા હતા. જેની રાજ્યકક્ષાએ નોંધ લેવાઇ હતી.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## ડોંબિવલી સંઘમાં શ્રી આર્યગુણ સમય કન્યા જ્ઞાન શિબિરનો વિદાય કાર્યક્રમ થયો





શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પાંચ દિવસીય શ્રી આર્ય ગુણ સમય કન્યા જ્ઞાન શિબિર ભવ્યતાથી અને આમાં જોડાયેલ કન્યાનો અદ્‌ભૂત ઉત્સાહથી સફળ રહી અને સંપન્ન થઈ. છેલ્લા દિવસે વિદાય કાર્યક્રમ લાગણી ભાવના માહોલમાં થયો. સૌ કન્યાઓના હૈયે કંઈક પામ્યાનો ભાવ રહ્યો હતો.





## પાલીતાણા તીર્થે દીક્ષાર્થી મુમુક્ષુઓનું બહુમાન સાથે સાંજી, બેઠું વરસીદાન કરાયું





પાલીતાણા તીર્થે શાંતિધારા ઉપાશ્રય ખાતે પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી મહોદયાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ મુનવર તથા દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનું બહુમાન કરાયું. સાથે જ એમની ભવ્ય સાંજી થઈ બેઠું વરસીદાન કરાયું.





# ભાંડુપથી અગાસી તીર્થ પાંચ દિવસીય છ'રિ પાલિત યાત્રા સંઘમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ

છ'રિ પાલિત સંઘ એટલે પાદચારી, ભૂમિ સંથારી, આવશ્યક કારી, સચિત પરિહારિ, એકાસનકારી અને બ્રહ્મચારી આ છ-છ નિયમોને ગુરૂ નિશ્રામાં રહીને સંપૂર્ણ પાલન પૂર્વકની તીર્થયાત્રા એ જ છ'રિ પાલિત સંઘયાત્રા. છ'રિપાલિત જે નર જાય, પાતિક તેના ભુક્કો થાય. મોક્ષ લક્ષી આરાધનાઓ જિનાજ્ઞામય રીતે સદ્‌ગુરૂના સાંનિધ્યમાં ગુરૂકુલવાસમાં રહીને પ્રભુને મળવાની, પ્રભુમાં ભળવાની, તીર્થો જુહારવાની અને સમક્તિને નિર્મળ કરવાની અદ્‌ભૂત પ્રક્રિયા એજ છ'રિપાલિત યાત્રા સંઘ પૂર્વકની સાચી તીર્થયાત્રા સાચી જાત્રા.

શુભઆજ્ઞા, સંઘમાળ સાંનિધ્ય વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., સંઘનિશ્રા દાતા પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિઠાણા તથા અચલગચ્છાધિપતિ શ્રી આજ્ઞાવર્તી શ્રમણી વૃંદો.

સંઘ પ્રસ્થાન બુધવાર તા.૨૨ ડિસેં. સવારે ૬ વાગે ભાંડુપથી સવારે ૯.૩૦ કલાકે, થાણા તીર્થે ટેમ્બી નાકા નગરે આગમન સવારે ૧૧.૩૦ કલાકે, શ્રી ૧૦૮ કમલ પુષ્પ વિધાન સાથે મુનિસુવ્રત સ્વામી મંત્ર અનુષ્ઠાન, બપોરે ૩.૩૦ થી ૫ પ્રવચન, સાંજે ૬ થી ૭ સંધ્યા ભક્તિ. બીજો દિવસ તા.૨૩ ડિસેમ્બર સવારે ૯.૩૦ વાગે ભીંવડી ઓસવાલ પાર્ક જિનાલય મધે અર્ચિંત્ય મહિમાવંત શ્રી અષ્ટોતરી મહાવિધાન બપોરે ૩.૩૦ થી ૫, પ્રવચન સાંજે ૬ થી ૭ ભક્તિ ભાવના.

ત્રીજો દિવસ કામણતીર્થ સવારે ૧૦ થી ૧૧.૩૦ સુધી પાંચ કિલો મોગરો, જાઈ, જૂઈ, ચંપા, ચમેલીના ઉત્તમ સુવાસ યુક્ત પુષ્પોથી મુનિસુવ્રત સ્વામીની ભક્તિ, બપોરે ૩.૩૦ થી ૫ પ્રવચન, સાંજે ૬ થી ૭ સંધ્યા ભક્તિ.

ચોથો દિવસ શનિવાર તા.૨૫ ડિસેમ્બર નાલાસોપારા (ઈસ્ટ) સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ શનિ ગ્રહાધિપતિ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની ૮૪ દ્રવ્ય યુક્ત પંચકલ્યાણક મહાપૂજા, બપોરે ૩.૩૦ થી ૫ પ્રવચન, સાંજે ૬ થી ૭ સંધ્યા ભક્તિ પાંચમો અને અંતિમ દિવસ રવિવાર તા.૨૬ ડિસેમ્બર શ્રી અગાસી તીર્થમાં સવારે ૮ કલાકે સંઘ પ્રવેશ, સવારે ૮ થી ૯.૩૦ જિનાલયમાં શાનદાર પ્રભુભક્તિ, સવારે ૯.૩૦ થી ૧૧ પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદહસ્તે સંઘમાળ વિધિ, સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ સંઘપતિ બહુમાન બપોરે ૨.૩૦ થી ૪ સર્વે યાત્રિકોના એકાસણા થઈ ગયા બાદ સંઘ યાત્રિકોનું સુંદર બહુમાન કાર્યક્રમ થશે. સાંજે ૪.૧૫ થી ૫.૧૫ સર્વે કાર્યકર્તાઓનું બહુમાન કાર્યક્રમ.

આ પ્રસંગે પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો અને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપ દ્વારા અપાયું છે.

સંપર્ક સૂત્ર કદઓ ધાર્મિક સમિતિ કન્વીનર મનોજ લોડાયા-૯૮૩૩૦૩૯૯૮૦, કુમારભાઈ દંડ-૯૩૨૨૬૮૦૦૦૮ તથા ચેતનભાઈ મોતા-૯૩૨૨૨૮૨૯૯૩.

# ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો અંદાજિત વિહાર કાર્યક્રમ

ભાંડુપ સંઘમાં ચાતુર્માસ બિરાજમાન સાધના સમ્રાટ ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવં યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો આગામી સંભવિત વિહાર કાર્યક્રમ આ મુજબ છે.

તા.૨૦ નવેમ્બર શનિવાર પવઈ તા.૨૧ થી ૨૭ નવે. ગોરેગામ તા.૨૮ નવેમ્બર રવિવાર આરે કોલોની, તા.૨૯ થી ૮ ડિસેમ્બર ૧૦ દિવસ મુલુંડ વેસ્ટ ઝવેર રોડ દેરાસર, તા.૯ થી તા.૧૯ ડિસે. ૧૧ દિવસ ઘાટકોપર, તા.૨૦ થી તા.૨૧ ભાંડુપ, તા.૨૨ થી તા.૨૬ ડિસે. છ'રી પાલિત સંઘ, તા.૨૬ થી તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૨ નાલાસોપારા (ઈસ્ટ), તા.૨૬ જાન્યુઆરીથી ૧૬ ફેબ્રુઆરી વસઈ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી

## SHRI KUTCHI DASA OSWAL JAIN MAHAJAN SUTHRI

સુથરી – કચ્છ, તા. અબડાસા (ગુજરાત) ૩૭૦ ૪૯૦. ફોન નં. (૦૨૮૩૧) ૨૮૪૨૨૩

Trust Reg.No. A-1984 (Mumbai / E-263 (Kutch)

પ્રતિ,

**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.**

મત્થેણવંદામી,

આપ તથા સર્વે મુનિ ભગવંતો શાતામાં હશો. આપશ્રી એ ગચ્છનું સુકાન ગ્રહણ કર્યા બાદ સંઘમાં તાજેતરમાં અનેક મુમુક્ષુઓના સંયમ (દીક્ષા), માટેના શુભ મુર્હુતો પ્રદાન થયા તથા આપશ્રી દ્વારા દીર્ઘ સંયમી મહાત્માઓને ગણી પદ તથા પ્રવર્તક પદથી નવેમ્બર મહિનામાં વિભુષિત કરવાનો મહત્ત્વનો નિર્ણય અચલગચ્છની ગરિમાને અવશ્ય ઉચ્ચ શિખરે લઈ જશે.

પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રસાગર મ.સા.
પૂ. મુનિશ્રી કમલપ્રભસાગર મ.સા.
પૂ. મુનિશ્રી ઉદયરત્નસાગર મ.સા.
પૂ. મુનિશ્રી રાજરત્નસાગર મ.સા.
પૂ. મુનિશ્રી ધર્મપ્રભસાગર મ.સા.
પૂ. મુનિશ્રી ધર્મરત્નસાગર મ.સા.

**આપ સૌને ગણી પદ પ્રદાન થવાના શુભ અવસરે અભિનંદન તથા આપ સૌ દ્વારા ગચ્છ અને શાસનની ઉત્તરોતર પ્રગતી માટે શુભ ભાવના.**

પૂ. મુનિશ્રી પુણ્યોદયસાગર મ.સા. તથા પૂ. મુનિશ્રી મલયસાગર મ.સા.

**આ બંને મુનિભગવંતોને પ્રવર્તક પદવી એનાયત થવા બદલ અભિનંદન.**

સાહેબજી આપશ્રીના સુકાની પદ દરમ્યાન ગચ્છ અવિરત પ્રગતી કરતો રહે તથા શાસનના શુભ કાર્યો થતા રહે એવી શ્રી સુથરી સંઘની શુભ કામના...

**લી. સુથરી જૈન સંઘ, ટ્રસ્ટીઓ**

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી

## SHRI KUTCHI DASA OSWAL JAIN MAHAJAN SUTHRI

સુથરી – કચ્છ, તા. અબડાસા (ગુજરાત) ૩૭૦ ૪૯૦. ફોન નં. (૦૨૮૩૧) ૨૮૪૨૨૩

Trust Reg.No. A-1984 (Mumbai / E-263 (Kutch)

# ગણિવર્ય પદ પ્રદાનોત્સવ

**સરળ સ્વભાવી, સ્વાધ્યાય પ્રેમી તેમજ અચલગચ્છને સમપર્ણ જેમનું સર્વસ્વ છે તેવા મુનિ ભગવંતો ગણિવર્ય બનવા જઈ રહ્યા છે તે બદલ તેમની ખુબ ખુબ અનુમોદના....**

પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રસાગર મ.સા.
પૂ. મુનિશ્રી કમલપ્રભસાગર મ.સા.
પૂ. મુનિશ્રી ઉદયરત્નસાગર મ.સા.
પૂ. મુનિશ્રી રાજરત્નસાગર મ.સા.
પૂ. મુનિશ્રી ધર્મપ્રભસાગર મ.સા.
પૂ. મુનિશ્રી ધર્મરત્નસાગર મ.સા.

**આપ સૌને ગણી પદ પ્રદાન થવાના શુભ અવસરે અભિનંદન તથા આપ સૌ દ્વારા ગચ્છ અને શાસનની ઉત્તરોતર પ્રગતી માટે શુભ ભાવના.**

પૂ. મુનિશ્રી પુણ્યોદયસાગર મ.સા. તથા પૂ. મુનિશ્રી મલયસાગર મ.સા.

**આ બંને મુનિભગવંતોને પ્રવર્તક પદવી એનાયત થવા બદલ અભિનંદન.**

ગણિપદ પ્રદાન દિન : કારતક વદ ૬, બુધવાર તા. ૨૪/૧૧/૨૦૨૧
સ્થળ : મુંબઈ તથા કચ્છ

**લી. સુથરી જૈન સંઘ, ટ્રસ્ટીઓ**

# શ્રી કેડીઓ જૈન વિમલ મહિલા મંડળ વડોદરા યોજિત કચ્છ યાત્રા પ્રવાસ સંપન્ન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિમલ મહિલા મંડળ વડોદરા આયોજિત કચ્છ યાત્રા પ્રવાસમાં ૨૫ જણ તા.૨૪ ઓક્ટોબર રવિવારના ટ્રેન દ્વારા રવાના થઈ સોમવાર સવારે ભુજમાં મહારાજ સાહેબને વંદન કરી ભુજોડીના વર્ધમાન નગરે શ્રી વિમલનાથ દાદાની પૂજા, પ.પૂ.આચાર્ય શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ને વંદન અને બાદ નવકારશી કરી. બિદડામાં પ્રવર્તિની મહતરા મુખ્ય સાધ્વીજી પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ને વંદન કરી બપોરે જમી પરવારીને બોંતેર જિનાલય, માંડવી શિવમસ્તુ તીર્થે દર્શન, નવાવાસે દર્શન વંદન ચૌવિહાર કરી સાંધાણ નગરે રાત્રિ રોકાણ કર્યું.

બીજા દિવસે સાંધાણ તીર્થે દર્શન, પૂજા, નવકારશી કરી, સુથરી, સાંધવ અને કોઠારામાં દર્શન વંદનને ધર્મલાભ લીધો. કોઠારામાં બપોરના જમીને રાપર, પરજાઉ, લાલા, જખૌ, નલિયા, તેરા તીર્થે દર્શન વંદન ચૌવિહાર કરી રાત્રે ભુજથી ટ્રેન દ્વારા વડોદરા સવારે પરત આવ્યા. દરેક ગામમાં બિરાજમાન સાધુ સાધ્વીજી ભગવંતોની વાણીનો લાભ લીધો. દરેક ગામના સંઘે ઉમળકાભેર સ્વાગત સાથે બહુમાન અને સંઘ પૂજન કર્યું.

આમ બે દિવસનો કચ્છ યાત્રા પ્રવાસ અદ્‌ભૂત ધર્મલાભ પામી સૌ ધન્ય ધન્ય થયા અને યાદગાર યાત્રાની યાદ હૈયામાં સંઘરી લીધી હતી.

# ભાંડુપ સંઘમાં જ્ઞાન પંચમી પ્રવચન અને સરસ્વતી સાધના સહ વિધિ વિધાનપૂર્વક આરાધનાનો ઓનલાઈન લાભનો અવસર

ભાંડુપ સંઘમાં તા.૮ નવેમ્બર સોમવારના પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખેથી સવારના ૭.૩૦ વાગે જ્ઞાન પંચમી મહત્વ નવષયનો મનનીય પ્રવચન થયો. ૧.૨૩ કલાકનો આ જ્ઞાન સભર પ્રવચન યુટ્યૂબ વિડીયો લિન્ક https://youtu.be/rMnYk5BqMOk ઉપર માણી શકાશે.

તા. ૯ નવેમ્બર મંગળવારના પાવન દિવસ લાભ પાંચમના દિવસે સવારે ૭.૩૦ થી ૯.૩૦ સુધી પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ભાંડુપ મંડન શ્રી આદિનાથ દાદા પ્રભુની છત્રછાયામાં સરસ્વતી સાધના સહ જ્ઞાન પંચમીની અદ્ભુત આરાધના વિધિ વિધાન પૂર્વક શાસ્ત્રોક્ત રીતે થઈ. વ્હાઈટ એન્ડ વ્હાઈટ ડ્રેસ કોડ સાથે ભક્તગણ ધર્મ ભાવપૂર્વક જોડાયા હતા. શાંદાર ચૌમુખજી સમવસરણ, ૭૨ લઘુપ્રતિમા યુક્ત ગૌતમ સ્વામી, શાસનદેવી, શ્રુતદેવી, શાસ્ત્ર, પ્રત આદિના દર્શન સાથે ગુરૂદેવના આશીર્વાદ અને વાસક્ષેપ લીધો હતો.

૨.૫૦ કલાકનો વીડિયો યુટ્યૂબ લિંક https://youtu.be/4BW2Qr8yvEg પર જોઈ માણી શકાશે જેનો સૌ ઘરબેઠા લાભ લેશો.

## ભાંડુપ સંઘમાં ગુરૂદેવના સાંનિધ્યમાં આદિનાથ દાદાના આઠ રંગોથી યુક્ત ઔષધિ-જડીબુટ્ટીથી અષ્ટોતરી અભિષેક-પૂજન કરાયા

ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૧૩ નવેમ્બર શનિવારના સવારના ૬ કલાકે ભાંડુપ નગરે ત્રિદિવસીય ગુરૂગુણ સ્વીકાર મહોત્સવ અવસરે આદિનાથ દાદાના ૮-૮ રંગોથી યુક્ત ઔષધિ-જડીબુટ્ટી, મંત્રાક્ષરપૂર્વક અષ્ટોતરી અભિષેક સહપૂજન કરાયા.

આ કાર્યક્રમની ૩.૨૨ કલાકની ક્લીપ યુટ્યૂબ લિન્ક https://youtu.be/o7T1XgCVNx0 પર જોઈ ધર્મલાભ સાથે માણી શકશો.



## કેન્સર પીડિતો માટે વાળનું દાન કર્યું તરલકુમાર શરદ મૈશેરીએ





જ્ઞાનીઓ કહે છે કે અન્યના દર્દને જાણનાર, તેની પીડાને પોતાની સમજનાર મહાન છે. આવી ઉદાત્ત ભાવના સમજી અનુકરણીય કાર્ય દ્વારા દાખલો બેસાડ્યો છે તરલકુમાર શરદ મૈશેરીએ. જેઓ કેન્સર પીડિત દર્દીઓની વિગ માટે પોતાની શરીરના શિર મુકુટ સમા માથાના વાળનું દાન કર્યું. તેમને ધ ચેરિયેન ફાઉન્ડેશન દ્વારા સર્ટિફિકેટ ઓફ એપ્રિસિએશન પ્રદાન કરાયું.

## પારોલા તીર્થ સંઘમાં જ્ઞાન પંચમની આરાધના ખમાસણા થયા





તા. ૯ નવેમ્બર મંગળવારના દિને ખાનદેશ પ્રાંતના પારોલા નગર તીર્થ ખાતે પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં જ્ઞાન પંચમીની આરાધના, ખમાસણા સહિતની ધર્મ આરાધનાઓ વિધિવત કરવામાં આવેલ. આ યાદગાર સુવર્ણ ક્ષણો સંઘના શ્રાવક શ્રાવિકાઓના હૈયાચિતમાં જડાઈ ગઈ હતી.

## હૈદ્રાબાદ સિટી સંઘના જિનેશ્વર ધામમાં જ્ઞાન પંચમીની આરાધનાઓ થઈ




તેલંગણા રાજ્યના પાટનર હૈદ્રાબાદ સિટી સંઘમાં જિનેશ્વર ધામમાં પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્મીલીનાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પવિત્ર દિન જ્ઞાન પંચમીની ભાવપૂર્વક આરાધના કરવામાં આવી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમળકાના ભાવથી ઉપસ્થિત રહીને ધર્મ ભાવનો અનેરો લાભ પામ્યાં હતા.

## ભાંડુપ સંઘમાં ગીતાસ્મૃતિ તીર્થ શિલા દર્શન રથયાત્રાના વધામણા કરાયા





તા. ૭ નવેમ્બર રવિવારના ભાંડુપ સંઘમાં ગીતા સ્મૃતિ તીર્થ શિલાન્યાસ રથયાત્રાનું આગમન થયું. પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયસાગરજી મ.સા., યુવા મુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ની નિશ્રામાં ભાવપૂર્વક વધામણા કરાયા હતા.

## બાંદરા સંઘમાં સાધ્વી મહારાજ સાહેબની ૭૦મી ઓળીના અનુમોદનાર્થે ભક્તિ ભાવના ભણાવાઈ




તા. ૭ નવેમ્બર રવિવારના સવારે ૯.૩૦ કલાકે બાંદરા અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન સભર નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.ની ૭૦મી ઓળીની અનુમોદનાર્થે અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા ભાવપૂર્વક ભક્તિ ભાવના ભણાવેલ. ભાવના તથા સાધર્મિક ભક્તિના લાભાર્થી મીત નીતા નિલેશ ધરમશી કોઠારા દ્વારા લાભ લેવામાં આવેલ.

## સાંધવ તીર્થે શ્રી ધર્મચક્ર મહાપૂજન સંગીતના તાલે સંપન્ન થયા




કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધવ તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની પરમ નિશ્રામાં શ્રી ધર્મચક્ર મહાપૂજન યુવા વિધિકાર ડૉ.હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે ધર્મભાવના માહોલમાં થયા.

## દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈ મુનવરનું તેરા તીર્થે બહુમાન કરાયું





અબડાસા પંથકના તેરા તીર્થે સંઘમાં મૂળ કોઠારા હાલે ભુજના દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધભાઈ હીરાચંદ મુનવરનું પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ભાવપૂર્વક બહુમાન કરાયું. આ અવસરે તેમના પરિવારજનો હાજર રહ્યાં હતા.

## સાંધવ નગરે વાજતે ગાજતે દેરાસરજીના તોરણનો મુરત કરવામાં આવ્યું



તા.૯ નવેમ્બર મંગળવારના શુભ સવારે સાંધવ નગરમાં શાંતિનાથ દાદાની છત્રછાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં વાજતે ગાજતે તોરણનો મુરત કરવામાં આવ્યું. આ શુકનવંતી શુભ ઘડીને વધાવવા ભાવિકો ભાવથી ઉપસ્થિત રહી જોડાયા હતા.

## ગોરેગામ સંઘમાં જ્ઞાન પાંચમીની ભાવપૂર્વક આરાધના, ખમાસણા થયા

તા. ૯ નવેમ્બર મંગળવારના ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં જ્ઞાન પંચમીની આરાધના ખમાસણા ભાવપૂર્વક થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધર્મભાવથી સહભાગી થઈ લાભ લીધો હતો.







# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશન, હૈદરાબાદ-મુંબઈ

છેલ્લા ૩૧ વરસથી જ્ઞાતિની સેવામા છે. ૫૦ વરસની વય ની કેડીઓ વ્યક્તિ ફક્ત એક જ વખત રૂ. ૨૦૦/- સભ્યપદ ફી તથા રૂ. ૨,૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ ભરી સંસ્થા ની સામાજીક સુરક્ષા યોજના મા જોડાતાં ૫૫ વરસની વય સુધી રૂ. ૭૫,૦૦૦/-નુ જીવન વિમા જેવું કવચ તથા વધારાના રૂ. ૭૫,૦૦૦/- જેવું અકસ્માત વીમા જેવો કવચ મલે છે. ૫૫ વરસ પુર્ણ થતાં ડીપોઝીટની રકમ નિયત બોનસ સહીત પરત મલે છે.

ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં ૧૧,૯૦૮ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. ૩,૬૮૩ રીટાયર થયા છે. તેમાંના સર્વે નોન સ્પોનસર્ડ સભ્યોને ડીપોઝીટ પરત કરાઈ છે. ૪૦૭ સભ્યપદનો દરમ્યાન અવસાન થતાં તેમના નોમીનીને ક્લેમ રકમ ચુકવી આપવામા આવી છે.

સભ્યો ની રૂ. ૧,૦૦૦/ ૨,૦૦૦/-ની ડીપોઝીટની રકમ સભ્ય તથા સંસ્થાના સંયુક્ત નામે બેંકમાં ફીક્ષ્ડ ડીપોઝીટમા મુકાય છે અને વ્યાજની રકમ સામાન્ય ક્લેમ ચુકવવા વપરાય છે. બધા સભ્યોનો અકસ્માતનું ગ્રુપ ઇન્સ્યુરંશ પોલીસી લેવામાં આવે છે.

અમારી સંસ્થાની વિસ્તૃત માહિતી કેડીઓવીપીના મોબાઈલ એપમા જ્ઞાતિની સંસ્થાઓના વિભાગમાં ઉપલબ્ધ છે. આપના કેડીઓવીપી ક્રમાંક પરથી સામાજીક સુરક્ષા યોજનાની મેમ્બર શીપ વિગતો જાણી શકો છો તથા નવા મેમ્બર થવા ફોર્મ પણ ડાઉનલોડ કરી શકો છો.

નવા બનતા સભ્યોને કોમ્પ્યુટરાઈઝડ્ સર્ટિફિકેટ મોકલવામાં આવે છે.

રીટાયર થતાં સભ્યોને એક અઠવાડિયા પહેલાં સંપર્ક સાધી, બેંક એકાઉન્ટની વિગતો મેળવી ન NEFT/ CHEQUE થી ડીપોઝીટ/બોનસની રકમ મોકલી આપવામાં આવે છે.

સોશ્યલ મીડિયા પરથી કોઈ સભ્યના અવસાનના સમાચાર મલે તો સામેથી નોમીનીનો સંપર્ક કરવામાં આવે છે અને ડેથ સર્ટિફિકેટ સહિત જરૂરી દસ્તાવેજ તથા એડવાન્સ રસીદ મલતા બે દિવસમાં જ રકમ આપવામાં આવે છે.

આજથી ૩૧ વરસ પહેલા જ્ઞાતિના હિત માટે સામાજીક સુરક્ષા યોજનાની રૂપરેખા તૈયાર કરનાર તથા અન્ય ખમતીધર ૧૪ જ્ઞાતિજનો સાથે કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સ્થાપના કરનાર શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નાઈ-સાંયરા (ભુતપૂર્વ ચીફ કમિશનર ઑફ ઇન્કમટેક્સ ) હવે જરૂરતમંદ પરીવારજનોને વધારાની રકમ મળી શકે તેવા ઉમદા હેતુથી નવી સાધર્મિક સહાય યોજનાની રૂપરેખા તૈયાર કરી છે.

આ યોજના અનુસાર હવે તા. ૦૧.૧૦.૨૦૨૧થી વર્તમાન સભ્યો તથા તા. ૩૧.૩.૨૦૨૨ સુધીમાં થનારા સભ્યોમાંથી જરૂરતમંદ પરીવારનો કોઈ સભ્યનું અવસાન થાય અને તે સભ્યના અવસાનથી પરીવારની વર્તમાન કે નજીક્ના ભવિષ્ય માં માસિક આવકમા નોંધપાત્ર ઘટાડો સંભવિતપણે રહે અને એ સંજોગોમાં સાથે રહેતા પરીવારજનોને મદદરૂપ થઈ શકાય એવા સેવાના હેતુ સર અમારી સંસ્થાના નિયમોને આધિન જ્ઞાતિજનો પાસેથી ફંડ ભેગું કરી એ પરીવારને વધારાના રૂ. ૨૫,૦૦૦/- થી રૂ. ૭૫,૦૦૦/- સુધી અનુદાન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.



**આ યોજના મુજબ તા. ૦૫.૧૦.૨૦૨૧ ના અરિહંત શરણ પામેલા શ્રી નરેશ પ્રેમચંદ નાગડા, નલિયા - ઘાટકોપરના પરીવારને જરુરતમંદ પરીવાર ગણીને અમારી કોર કમિટી એ વધારાના રૂ. ૭૫,૦૦૦/- મંજુર કર્યા છે અને સ્વ. નરેશભાઈના પત્ની રમીલાબેનને તા. ૧૧.૧૧.૨૦૨૧ ના રૂ. ૭૫,૦૦૦/- નો ચેક અર્પણ કરેલ છે.**

જે જે દાતા પરિવારજનોએ ત્રણ પ્રકારે ડોનેશન આપી આ પરિવારની સાધર્મિક ભક્તિ કરી છે તેમની ભુરી ભુરી અનુમોદના. દાતા પરિવારજનોનું લીસ્ટ અત્રે આપેલ છે.

# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશન, હૈદરાબાદ-મુંબઈ

K D O WELFARE ASSOCIATION - SADHARMIK SAHAY YOJNA
ANUMODNA TO FOLLOWING DONORS FOR SADHARMIK SAHAY TO NEEDBASED FAMILY OF LATE SHRI NARESH PREMCHAND NAGDA, GHATKOPAR-NALIYA OUR MEMBER WHO EXPIRED ON 05.10.2021

12 MONTHS PERIOD (OCTOBER 2021 TO SEPTEMBER 2022 )

| SR | NAME | RESI | NATIVE | DONATION |
|---|---|---|---|---|
| | **5 YEARS ASSURANCE DONORS** | | | |
| 1 | GUNVANTI JAYANTILAL LADHABHAI MOMAYA | BANGALORE | VARADIYA | 30,000 |
| 2 | BHANUMATIBEN KARAMCHAND ANANDJI VIKAMSHI | HUBLI | VARADIYA | 25,000 |
| 3 | MANORAMA TILAKCHAND KUNVERJI LODAYA | CHENNAI | SANYARA | 15,000 |
| 4 | DHANLAXMIBEN / BHASKAR MANEKCHAND LALKA | DAHISAR | DHRAFA | 10,000 |
| 5 | HARISH SHIVLAL / RAVI/ARCHNA H MUNVAR | GADAG | JAKHAU | 10,000 |
| 6 | MADHUKANT RATILAL/VEENA/VISHAL M NAGDA | POLLACHI | NALIYA | 10,000 |
| 7 | PANKAJ LAXMICHAND DHARAMSHI | BANGALORE | KOTHARA | 10,000 |
| 8 | AMIT VIJAYSINH LALJI KHONA | MUMBAI | NALIYA | 5,000 |
| 9 | BHAVESH PRATAP / ARUNA PRATAP NAGDA | HUBLI | JAKHAU | 5,000 |
| 10 | CHETNABEN / SHARAD HEMRAJ KANJI MOMAYA | HUBLI | VARADIYA | 5,000 |
| 11 | DARSHNABEN /DILIP KUSUMKANT NAGDA | MUMBAI | NALIYA | 5,000 |
| 12 | DEEPAK GANGAJAR DAGHA | MULUND | VARADIYA | 5,000 |
| 13 | DHIRISH JAVERCHAND DHARAMSHI | BIJAPUR | KOTHARA | 5,000 |
| 14 | GIRISH PADAMSHI MOTA | HYDERABAD | KUVAPADHAR | 5,000 |
| 15 | HARISH THAKARSHI SHIYAD | MULUND | TERA | 5,000 |
| 16 | HEMLATA JITENDRA DEVSHI KHONA | COIMBATORE | NALIYA | 5,000 |
| 17 | HIRACHAND DUNGARSHI DAND | HUBLI | TERA | 5,000 |
| 18 | JAICHAND HEMRAJ MAISHERI | HYDERABAD | JAKHAU | 5,000 |
| 19 | JATIN SURENDRA NAGDA | USA | NALIYA | 5,000 |
| 20 | JITENDRA DHANJI DHARAMSHI | THANE | SANDHAN | 5,000 |
| 21 | JITNEDRA DEVSHI KHONA | COIMBATORE | NALIYA | 5,000 |
| 22 | KANTABEN PRAFUL NARSHI DAND | HYDERABAD | BHARUDIYA | 5,000 |
| 23 | KETAN MANILAL MAHESHWARI | HUBLI | SANYARA | 5,000 |
| 24 | MANJULABEN UTTAMCHAND NARSHI MOMAYA | HYDERABAD | VARAPADHAR | 5,000 |
| 25 | VANDANABEN NARESH UTTAMCHAND MOMAYA | HYDERABAD | VARAPADHAR | 5,000 |
| 26 | MANAV JYOT H: GUNVANTIBEN LAXMICHAND LUTHIA | KOLKATTA | RAYDHANJAR | 5,000 |
| 27 | MAYUR CHANDRAKANT PATEL | HUBLI | NALIYA | 5,000 |
| 28 | MEENABEN SURYAKANT DAMJI MAISHERI | HUBLI | SANYARA | 5,000 |
| 29 | MONIK VINOD DHARAMSHI | HYDERABAD | SUTHARI | 5,000 |
| 30 | NARENDRA JAYCHAND NAGDA | MATUNGA | NALIYA | 5,000 |
| 31 | NEELAM MAYUR CHAMPSHI NAGDA | DOMBIVALI | TERA | 5,000 |
| 32 | NEENABEN / NITIN RAICHAND SAYLA | DOMBIVALI | SUTHARI | 5,000 |
| 33 | NITESH RATILAL PATEL | HUBLI | NALIYA | 5,000 |
| 34 | MEERABEN PREMCHAND MALSHI MOTA | KOLKATA | KUVAPADHAR | 5,000 |
| 35 | MITESH PREMCHAND MOTA | KOLKATA | KUVAPADHAR | 5,000 |
| 36 | PREMCHAND MALSHI MOTTA | KOLKATA | KUVAPADHAR | 5,000 |
| 37 | PARESH DILIP NAGDA | HUBLI | JAKHAU | 5,000 |
| 38 | PUNAMCHAND LAXMICHAND DHARAMSHI | HUBLI | CHHADURA | 5,000 |
| 39 | RAJBAI KESHAVJI VELJI MOMAYA | AHMEDABAD | VARADIYA | 5,000 |
| 40 | SAMESH LAXMICHAND MOTA | HYDERABAD | VARAPADHAR | 5,000 |
| 41 | SANYAM CHANDRESH DINESH NAGDA | VADODARA | NALIYA | 5,000 |
| 42 | SATISH PRAVINCHANDRA LUTHIA | BANGLORE | NANI KHAVDI | 5,000 |
| 43 | TRISHLA GROUP | HUBLI | HUBLI | 5,000 |
| 44 | VASANT KARAMSHI VIKAMSHI | MUMBAI | JAKHAU | 5,000 |
| 45 | YASHPAL TRIKAMJI CHHEDA | HUBLI | NALIYA | 5,000 |
| 46 | DEEPAK PUNSHI LODAYA | MULUND | JAKHAU | 2,500 |
| 47 | DHARINI DEEPAK PUNSHI LODAYA | MULUND | JAKHAU | 2,500 |
| 48 | DR. VIRAL DEEP PRAFUL LODAYA | MULUND | SANDHAV | 2,500 |
| 49 | DIPEN RAICHAND MOTA | SALEM | KUVAPADHAR | 2,500 |
| 50 | DUSHYANT RAICHAND MOTA | SALEM | KUVAPADHAR | 2,500 |
| 51 | RAICHAND MALSHI MOTA | SALEM | KUVAPADHAR | 2,500 |

# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશન, હૈદરાબાદ–મુંબઈ

| | 12 MONTHS ASSURANCE FOR RS. 1000/- PER CASE (MINIMUM 5 CASES) | | | |
|---|---|---|---|---|
| 1 | HEMANT PADAMSHI LODAYA | VADODARA | NALIYA | 11,000 |
| 2 | SHEELABEN BHARAT HANSRAJ DAGHA | MULUND | VARADIYA | 6,000 |
| 3 | CA NARESH BHAVANJI SHAH MOMAYA | GHATKOPAR | NALIYA | 5,000 |
| 4 | JINENDRA RATANSHI DHARAMSHI | MUMBAI | SUTHARI | 5,000 |
| 5 | KDO VADODARA MAHAJAN | VADODARA | VADODARA | 5,000 |
| 6 | LAHERCHAND RATANSHI DAGHA | BHANDUP | VARADIYA | 5,000 |
| 7 | NIRUPAMABEN SOMCHAND RATANSHI LUTHIA | BANGALORE | KHAVDI NANI | 1,000 |
| 8 | RAJESH PREMJI SHAH | VADALA | SINDHODI MOTI | 5,000 |
| 9 | A WELL WISHER | | | 1,000 |
| 10 | MEGHJI BHANJI POLADIYA | NAGPUR | DUMRA | 1,000 |
| 11 | RAJESH GANGAJAR MOMAYA | CHENNAI | SANYARA | 1,000 |
| 12 | RAMESH JAICHAND NAGDA | KOPAL | NALIYA | 1,000 |
| 13 | A WELL WISHER | | | 1,000 |

| | DONORS FOR THIS PARTICULAR CASE | | | |
|---|---|---|---|---|
| 1 | A WELL WISHER | | | 10,000 |
| 2 | RAYCHAND MALSHI MOTTA | SALEM | KUVAPADHAR | 10,000 |
| 3 | KISHOR TEJPAL RATANI | PUNE | TERA | 5,000 |
| 4 | HINABEN /MANOJ ZAVERCHAND LODAYA | ANDHERI | NALIYA | 2,501 |
| 5 | LALIT HIRACHAND DANDX(KANTIROY) | MULUND | NALIYA | 2,500 |
| 6 | NIRMAL LAHERCHAND NAGDA | NAHUR | NALIYA | 2,500 |
| 7 | DHAIRYA SANJAY DINESH MOTA | DOMBIVLAI | NALIYA | 2,000 |
| 8 | HIREN JITENDRA MAISHERI | MULUND | LALA | 2,000 |
| 9 | MANISH JAYANT SHIYAL SHAH | BANGALORE | JAKHAU | 2,000 |
| 10 | PRADIPKUMAR VESHI SAYLA | VAPI | TERA | 2,000 |
| 11 | DILIP RAYCHAND NAGDA | MUMBAI | NALIYA | 1,111 |
| 12 | DIPESH KAMLESH MAISHERI | CHALISGAM | SINDHODI MOTI | 1,001 |
| 13 | JUGAL MANEKJI NAGDA | ANJAR | NALIYA | 1,001 |
| 14 | A WELL WISHER | | | 1,000 |
| 15 | A WELL WISHER | ANKLESHWAR | NALIYA | 1,000 |
| 16 | BHARAT DEVSHI MOMAYA | THANE | NALIYA | 1,000 |
| 17 | DHANBAI BHAVANJI KUNVARJI MOMAYA | JUHU | VARADIYA | 1,000 |
| 18 | DHANJI GADA(KVO) | SANTACRUZ | KVO | 1,000 |
| 19 | DIMPAL GOVINDJI LPODAYA | MULUND | SUTHARI | 1,000 |
| 20 | HUKAMCHAND JAVERCHAND DHARAMSEY | ANDHERI | MANJAL | 1,000 |
| 21 | JAYABEN BHAVANJI LODAYA (H) KAMLESH | MANAVADAR | NALIYA | 1,000 |
| 22 | K D O JAIN GYATI MAHJAN , NALIYA | NALIYA | NALIYA | 1,000 |
| 23 | KISHOR SHAMJI MOTA | LONAVALA | NALIYA | 1,000 |
| 24 | MALTIBEN HARISH DAMJI DHARAMSHI | NAVI MUMBAI | JAKHAU | 1,000 |
| 25 | MINABEN NARENDRA DAMJI LODAYA | MULUND | NALIYA | 1,000 |
| 26 | MULCHAND PADAMSHI MOTA | BADGARA | NALIYA | 1,000 |
| 27 | PURVIBEN PINAKIN JETHABHAI CHHEDA | MULUND | NALIYA | 1,000 |
| 28 | TATSHU VIRCHAND DHARAMSHI | NERUL | SUTHARI | 1,000 |
| 29 | VIJAY LILADHAR MOMAYA | MATUNGA | SANYARA | 1,000 |

## માંડવીના શિવમસ્તુ તીર્થે દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈનું બહુમાન કરાયું



કચ્છના બંદરીય શહેર માંડવીના શિવમસ્તુ તીર્થ મધ્યે દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ હીરાચંદ મુનવર કોઠારાનું બહુમાન કરાયું. મુમુક્ષુ અજેશભાઈએ દીક્ષા મહોત્સવનું આમંત્રણ પત્રિકા પૂજ્ય મહારાજ સાહેબને સ્વ હસ્તે આપી હતી.

## સાંધવ નગર તીર્થે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પૌષ્ટિક દંડ સ્તોત્રની ધર્મ આરાધનાઓ થઈ

કચ્છ અબડાસા તાલુકાના સાંધવ નગર તીર્થે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં કારતક સુદ ૯ તા.૧૦ નવેમ્બર બુધવારના રોજે પૌષ્ટિક દંડ સ્તોત્રની ધર્મ આરાધના ભાવપૂર્વક કરાઈ. લાભાર્થી પરિવાર વિજયાબેન ગોવિંદજી પટેલ રહ્યાં હતા.







## હૈદ્રાબાદ સંઘમાં મહામંગલકારી શ્રી અષ્ટમંગલ અનુષ્ઠાન સંપન્ન થયા







તેલંગણા રાજ્યના પાટનગર હૈદ્રાબાદ નગર સંઘમાં પરમ પૂજ્ય સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં તા.૧૩ નવેમ્બર શનિવારના મહામંગલકારી શ્રી અષ્ટમંગલ અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ અદ્‌ભૂત ધર્મ ભાવના માહોલમાં યુવા વિધિકાર ડૉ.હર્ષ દેઢિયાના સથવારે સાનંદ સંપન્ન થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભવ્ય ઉત્સાહભાવ ના સંગાથથી હાજર રહી ધર્મ લાભ પામ્યા હતા.

## તિરૂપુર સંઘના સુવિધિનાથ દેરાસરમાં જ્ઞાન પંચમીની ધર્મ આરાધના થઈ

દક્ષિણ ભારત પ્રાંતના તામિલનાડુ રાજ્યના તિરૂપુર સંઘના સુવિધિનાથ દેરાસરમાં તા. ૯ નવેમ્બર મંગળવારના પાવન પર્વ લાભ પાંચમના દિને અદ્‌ભૂત ભાવથી જ્ઞાન પંચમીની આરાધના કરાઈ.

ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડા ધર્મ આરાધનાની આયોજન વ્યવસ્થા કરી હતી. સંઘની શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં આરાધનામાં જોડાઈ હતી.

# માટુંગા સંઘમાં બાળકો માટે આર્ય ગુણ સંસ્કાર શિબિર યોજાઈ




સેન્ટ્રલ રેલવે લાઈનના ઉપનગર માટુંગા નગર સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં બાળકો માટે આર્ય ગુણ સંસ્કાર શિબિર યોજાઈ. મોટી સંખ્યામાં બાળકો શિબિરમાં જોડાઈ ધર્મ, જ્ઞાન, સંસ્કાર અને સંસ્કૃતિની સમજ અને જ્ઞાન મેળવી તરબતર થયા હતા. પૂજ્ય ગુરૂવર મહારાજ સાહેબના આશીર્વાદ પામ્યા હતા.

# તિરૂપુર મધે શ્રી સુવિધિનાથ દેરાસરમાં દ્વાર ઉદ્‌ઘાટન કરાયું

વિક્રમ સંવત ૨૦૭૮ના નવા વરસની પહેલી મંગળ પ્રભાતે તા.૫ નવેમ્બર શુક્રવારના ૫.૪૫ કલાકે શ્રી સુવિધિનાથ દેરાસર તિરૂપુરના આશા, ઉમંગ અને ઉજ્જ્વળ કિરણોનો વ્યાપ રહે એવા ભાવ સાથે દ્વાર ઉદ્‌ઘાટન લાભાર્થી પરિવાર શ્રીમતી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા દ્વારા થયું. આ ધર્મ કાર્ય અવસરે સંઘના ૩૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની વ્યવસ્થા ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપભાઈ હંસરાજ નાગડાએ સંભાળી હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



લહેરચંદ ખોના
તા.૭ નવે. (ઉ.૬૬)
નલિયા-ભુજ



જવેરચંદ મૈશેરી
તા.૭ નવે. (ઉ.૭૧)
બાંઢિયા-હૈદ્રાબાદ



હંસાબેન પાજરી
તા.૭ નવે. (ઉ.૫૨)
નાનીખાવડી-કલવા



નરેન્દ્ર મોમાયા
તા.૮ નવે. (ઉ.૭૪)
જખૌ-જલગામ



હીરબાઈ લોડાયા
તા.૮ નવે. (ઉ.૭૧)
સાયરા-ડોંબિવલી



વિનોદ નાગડા
તા.૯ નવે. (ઉ.૭૬)
લાલા-હૈદ્રાબાદ



રાજશ્રી ખોના
તા.૯ નવે. (ઉ.૬૬)
મોટી ખાવડી-ડોંબિવલી



સુમનલાલ લોડાયા
તા.૧૦ નવે. (ઉ.૬૧)
કોઠારા-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● રાજ્ય વિધાન સભાના તટસ્થ અને મોભાદાર એવા અધ્યક્ષની ખુરશી પર રાજ્યના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર ભુજના મહિલા ધારાસભ્ય ડૉ.નીમાબેન આચાર્ય બિરાજતા રાજ્ય વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ બનવાનું માન મેળવ્યું છે. ભુજ મત વિસ્તારે રાજ્ય વિધાનસભાને બીજા અધ્યક્ષ આપ્યા છે. તો રાપરમાંથી ચૂંટાયેલા ધીરૂભાઈ શાહ ૪૫ વર્ષની વયે વિધાનસભા અધ્યક્ષ પદે બિરાજ્યા હતા. આમ જિલ્લાને અધ્યક્ષ પદનું આ ત્રીજીવાર સન્માનીય પદ મળ્યું છે.

● ભારે કન્ટેનરનું લોડીંગ અનલોડીંગ થાય એ માટે ક્રેઈન પોર્ટની કરોડજજુ ગણાય છે. ક્રેઈન રૂપી રોડજ્જુ જો મજબૂત હોય તો જ પોર્ટ ઝડપથી પ્રગતિ કરે. મોરઝર તાલુકા નખત્રાણા ધોરણ ૧૦ ભણેલ યુવાન તુષાર ગઢવી ક્રેઈન ઓપરેટરની અદાણી ફાઉન્ડેશન દ્વારા તાલીમ લઈ અદાણી પોર્ટ સાથે જોડાયો. આજે આધુનિક ક્યુસી ક્રેઈન ચલાવવાની હથોટી મેળવી લઈ મહાકાય ક્રેઈનનું ઓપરેટીંગ કરે છે અને રાષ્ટ્રીય વિકાસ અને વ્યાપાર વૃધ્ધિમાં પોતાનું યોગદાન આપે છે.

● ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૫મી જન્મ જયંતિ નિમિત્તે ભુજ અને માંડવીમાં યોજાયેલ સમારંભમાં ભારતરત્નથી સન્માનવાની માંગ કરવામાં આવી હતી તથા તેમના અસ્થિનું હિન્દુશાસ્ત્રની પરંપરા મુજબ વિસર્જન કરવા પર ભાર મુકાયો હતો.

● અબડાસા તાલુકામાં ખરીફ પાક કપાસનું ૩૨ થી ૩૫ ગામોની ૯૦ હજારથી એક લાખ એકર જમીનમાં વાવેતર ૧૫મી મે થી થયું હતું. પણ કુદરતી સંજોગો વિપરીત થતાં વરસાદ થકી મોટા ભાગની જમીનમાં કપાસના પાકને હાનિ પહોંચતા વાવેતર કરનાર ખેડૂતોને માથે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે અને જે મળ્યું એ વીણવાનો કપરો કાળ આવ્યો છે. સતત ગરમી અને ત્યારબાદ વરસાદ એ સમયગાળા દરમ્યાન કપાસના ફાલમાં સુકારો લાગુ પડતા ૬૦ થી ૭૦ ટકા જેટલો ફાલ નકામો બની ગયો છે. કપાસ વીણીના કામમાં વીસેક હજાર શ્રમિકો રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા સહિત દૂરદૂરના વિસ્તારમાંથી પરપ્રાંતીય શ્રમિકો કામે લાગી ગયા છે. જોકે ખેડૂતોને કેટલો માલ ઉતરશે તેની ચિંતા છે.

● કોરોના મહામારીની અસાધારણ આપદામાં દર્દી બંધુ ભગિનીઓની અનન્ય સેવા બજાવનાર સમાજસેવક વસંત ગલિયા અને દાતા નવનીત પરિવારનો અભિવાદન કરવાનો સમારોહ રંગારંગ કાર્યક્રમ સાથે આમંત્રિતોની બહોળી હાજરીમાં યોજાયો હતો. મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસિએશન, ટ્રસ્ટ તથા ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એન્ડ વર્કર્સ વેલ્ફેર સોસાયટીના સંયુક્ત ઉપક્રમે આ સમારોહ હોટલ તુલીપ સ્ટાર વિલેપાર્લે ખાતે યોજાયો હતો. અંધેરીની સેવન હિલ્સ હોસ્પિટલમાં પાંચ હજારથી વધુ કોરોના સંક્રમિત લોકોને સારવાર અપાઈ હતી. મનપા સંચાલિત આ હોસ્પિટલમાં પીપીઈ કિટ, વેન્ટીલેટર, જરૂરી દવાઓની સહાય નવનીત પરિવારે કરી હતી. જ્યારે સેવાનું સમર્પણ વસંત ગલિયાએ સંભાળ્યું હતું.

● આઈ સી આઈ સી આઈ બેંકની ટ્રેડ ઓનલાઈન પોર્ટલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મૂળ ભચાઉના અને ફોર્ટ વિસ્તાર જ્યુરાજ ફાઈન પેપર કંપનીના હિરેન જયંતિલાલ કારિયાની પસંદગી થઈ છે. બેંકની ચેક બુકના બીજા પાને તેમનો ફોટો છપાયો છે. બેંકની ટ્રેડ ઓનલાઈન પોર્ટલ એક્સપોર્ટ ઈમ્પોર્ટ કરવાનું સોફ્ટવેર છે. આ સોફ્ટવેરમાં સુધારા કરવા માટે બેંકના ખાતેદાર તરીકે હિરેન કારિયાએ ઉપયોગી સૂચનો કર્યા હતા. જેની કદર રૂપે બેંકએ તેમને આ શિરપાવ આપ્યો છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA